©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] TUESDAY, 06th JANUARY, 2026/PAUSHA 16, 1947 [No. 152**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## નવસારી મહાનગરપાલિકા

**મહાનગર સેવા સદન, દુધિયા તળાવ, નવસારી.**

### અધિસૂચના

ક્રમાંક : જા.નં.નવ/મનપા/ટી.પી./૧૧૨૧૩/૨૦૨૫-૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે,નગર રચના યોજના નવસારી નં. ૨(દશેરા ટેકરી વિસ્તાર) માં આવેલ અંતિમખંડ નં. ૩૩૬ની “સ્કૂલ અને પ્લેગ્રાઉન્ડ”ના હેતુવાળી જમીનનો હેતુ “સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર” તરીકે સૂચવી હેતુફેર કરવા (ત્રીજો ફેરફાર) કરવાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૦(એ)ની જોગવાઈઓને આધીન અધિનિયમની કલમ-૭૨(એ) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સદરહુ યોજના ની વિગતો નીચે મુજબ છે.**

**ચર્તુસીમા :**

**ઉત્તરે :** લાગુ ૧૨.૦૦ મી. ટી.પી. રોડ

**દક્ષિણે :** લાગુ અંતિમખંડ નં. ૩૩૫

**પૂર્વે :** લાગુ અંતિમખંડ નં.૩૩૭

**પશ્ચિમે :** લાગુ ૯.૦૦ મી. ટી.પી. રોડ

આ સમગ્ર બાબતે નવસારી મહાનગરપાલિકાના વહીવટદારશ્રીએ આપેલ મંજૂરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

**નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીના ઠરાવ નં.૩૪૭, તા. ૦૪-૧૨-૨૦૨૫**

નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૨-૦૬-૨૦૨૦ થી ''નવસારી-વિજલપોર નગરપાલિકા'' ની રચના કરવામાં આવેલ છે. જેમાં નવસારી નગરપાલિકામાં વિજલપોર નગરપાલિકા, જમાલપોર, ચોવીસી, વિરાવળ, કાલીયાવાડી, કબીલપોર, તિધરા, ઈટાળવા તથા છાપરા ગામનો સમાવેશ કરતાં નવસારી વિજલોર નગરપાલિકાનો વિસ્તાર કુલ ૪૩.૬૨ ચો.કિમી થયેલ. પરંતુ, સદરહુ વધારો થયેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ હેઠળની તમામ સત્તા/કાર્યો નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) ધ્વારા કરવામાં આવેલ છે. નવસારી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આયોજિત વિકાસ થઈ શકે તેમજ સમાવિષ્ટ નવીન ગામોમાં પ્રાથમિક સેવા અને સગવડોનું પણ સુઆયોજન કરી શકાય તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ હેઠળના કલમ-૨૩(૧) ના ક્લોઝ (II) થી (X) અને કલમ-૨૭ થી ૪૯, કલમ - ૬૭ થી ૬૯ તથા તેને આનુસંગિક કાર્યો/સત્તા નવસારી મહાનગરપાલિકાને આપવી જરૂરી જણાતી હોઈ જેને અનુલક્ષી નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૧)(ii) હેઠળ જરૂરી દરખાસ્ત ના. સરકારશ્રીમાં પાઠવવા અત્રેથી તા.૧૯/૦૨/૨૦૨૫ ના પત્રથી વિનંતી કરેલ. જે અન્વયે નવસારી શહેરી વિકાસ સત્તામંડળ (નુડા) ની તા. ૨૫/૦૩/૨૦૨૫ ની બોર્ડ બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરી નામ. સરકારશ્રીના તા. ૦૧-૦૪-૨૦૨૫ થી દરખાસ્ત કરેલ.

હાલમાં ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૯/૦૬/૨૦૨૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ - ૨૩(ii) હેઠળ કલમ - 23(1)(ii), 23(1)(v), 23(1)(v-a), 23(1)(vi), 23(1)(vi-a), 23(1)(vii)ના તમામ અધિકારો અને સત્તાઓ નવરચીત મહાનગરપાલિકાને સોંપવા માટે હુકમ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારશ્રીના ગૃહ મંત્રાલય હેઠળના ઈન્ટેલિજન્સ બ્યુરો નવસારીના ધી ડેપ્યુટી સેન્ટ્રલ ઈન્ટીલિજન્સ ઓફિસરશ્રીના પત્ર નં. DAK NO. 87, તા. ૩૦-૦૭-૨૦૨૫ ના પત્રથી માન. કમિશનરશ્રી પાસે તેમની ઓફિસ કમ રહેઠાણ માટે મંજૂર અંતિમ યોજના નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) ના રિઝર્વેશન નં. ૩૩૬ (સ્કુલ એન્ડ પ્લે ગ્રાઉન્ડ) ની કુલ ૩૨૦૧.૦૦ ચો.મી. વાળી જમીનની માંગણી કરેલ છે તેમજ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, નવસારી એ.સી.બી. પોલીસ સ્ટેશન, નવસારી દ્વારા તા.૨૩/૦૯/૨૦૨૫ નારોજ પત્ર ક્રમાંક :૮૯૯/૨૦૨૫ થી પત્ર લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.), નવસારી ખાતે ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ માટેના રહેઠાણના બાંધકામ માટે જમીન ફાળવણી કરી આપવા માટેની રજૂઆત અત્રેને કરેલ છે. જેથી "શહેરીવિસ્તાર/વિકાસસત્તામંડળોના (ડિસ્પોઝલઓફલેન્ડએન્ડઅધરપ્રોપર્ટીઝ) રેગ્યુલેશન-૨૦૦૨"હેઠળસદરજમીનઈન્ટેલિજન્સબ્યુરો, નવસારીને તથા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને ફાળવવાની થાય જેથી મંજૂર અંતિમ યોજના નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) ના રિઝર્વેશન નં. ૩૩૬ (સ્કુલ એન્ડ પ્લે ગ્રાઉન્ડ) વાળી જમીન અધિનિયમ ની કલમ-૭૦(એ) હેઠળ હેતુ-ફેર ની કાર્યવાહી કરવા યોગ્ય બને છે.

નામ.સરકારશ્રીના તા. ૨૦-૦૨-૨૦૧૫ ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૦(૩)(જેજે)(એ) અન્વયે નગર રચના યોજનાઓમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૪૦(૩)(જેજે)(એ)(iii)માં ૫ ટકા સામાજીક માળખા (Social Infrastructure) જેવા કે સ્કુલ, ડીસ્પેન્સરી, ફાયર બ્રિગેડ, જેવી જાહેર ઉપયોગીતા માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવતી જમીનો જાહેર જનતાને વિવિધ સુવિધાઓને પ્રવર્તમાન જરૂરીયાત મુજબ ઉપરોકત હેતુને બદલે અન્ય જાહેર ઉપયોગો જેવા કે નગરપાલિકા/મહાનગરપાલિકાની વોર્ડ ઓફીસ, સીવીક સેન્ટર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિગેરે માટે તેનો ઉપયોગ કરવાના કિસ્સામાં અધિનિયમની કલમ-૭૦ (એ) મુજબ હેતુ ફેરફાર કરવાની પરિસ્થિતી ઉત્પન્ન થાય છે. જેથી આવી તમામ ફાળવણી ઉપરોકત જેવા અલગ-અલગ હેતુઓને બદલે સામાજીક માળખા (Social Infrastructure) તરીકે જ નગર રચના યોજનામાં ફાળવણી કરવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતા ઉકત કલમ-૨૩(૧)(ii) અન્વયે ટી. પી. સ્કીમો બનાવવા/ફેરફાર કરવાની સત્તા નવસારી મહાનગરપાલિકાને મળેલ છે. આથી, ટી. પી. એક્ટ -૧૯૭૬ ની કલમ-૭૦ (એ) હેઠળ અંતિમ ટી. પી. સ્કીમ નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) ના રિઝર્વેશન નં. ૩૩૬ (સ્કુલ એન્ડ પ્લે ગ્રાઉન્ડ) હેતુ વાળી જમીનમાં સરકારશ્રીના તા. ૨૦-૦૨-૨૦૧૫ ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ ધ્યાને રાખી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર તરીકે હેતુફેર ની દરખાસ્ત કરવાની થાય છે. તેમજ સદર અંતિમ ટી. પી. સ્કીમ નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) ના રિઝર્વેશન નં. ૩૩૬ (સ્કુલ એન્ડ પ્લે ગ્રાઉન્ડ) હેતુ વાળી જમીનનો હેતુફેર થયેથી ઈન્ટેલિજન્સ બ્યુરો ઓફિસ કમ રહેઠાણ તેમજ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.)ને જમીનની ફાળવણી કરવાની થાય. તેથી નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી. પી. એક્ટ-૧૯૭૬ ની કલમ-૭૦(એ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં અંતિમ ટી. પી. સ્કીમ નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) (ત્રીજા ફેરફાર) ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા અર્થે જરૂરી ઠરાવ કરી ત્યારબાદ, અધિનિયમની કલમ-૭૨ અનુસારની પધ્ધતિ અનુસરતા ડ્રાફ્ટ સુધારો સરકારી ગેઝેટ અને સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવા તથા લાગુ રહીશો / વ્યક્તિના સૂચનો/ વાંધાઓ માટે ૧-માસનો સમય આપી તમામ સાહિત્યને સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવાની કાર્યવાહી કરવાની થાય છે.

આથી, ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઈ નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી. પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(એ) હેઠળ નામ. સરકારશ્રીમાં અંતિમ ટી. પી. સ્કીમ નં.૦૨ (દશેરા ટેકરી વિસ્તાર)ના રિઝર્વેશન નં.૩૩૬ (સ્કુલ એન્ડ પ્લે ગ્રાઉન્ડ) હેતુ વાળી જમીનને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કરવા માટે અંતિમ ટી. પી. સ્કીમ નં. ૦૨ (દશેરા ટેકરી વિસ્તાર) (ત્રીજા ફેરફાર) દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા તેમજ અધિનિયમની જોગવાઈઓ અન્વયે નિયમાનુસાર આગળની તમામ આનુષાંગીક કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીને સઘળી સત્તા સોંપવા ઠરાવવા આવે છે.

સદરહુ ત્રીજા વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સભ્ય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર વેરીડ ટી.પી. સ્કીમનો મુસદ્દો રાજ્ય સરકારના રાજ્યપત્ર(ગેજેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની અંદર યોજનાથી જેમને કોઈપણ અસર થઈ હોઈ તો તેવા શખ્સો સદર યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમય મર્યાદામાં નીચે જણાવેલ કચેરીએ મોકલી આપશે તો નવસારી મહાનગરપાલિકા તે ઉપર વિચારણા કરશે. તેની નોંધ લેવા વિનંતી છે.

**સ્થળ : નવસારી**

**તારીખ : ૩૧-૧૨-૨૦૨૫**

**દેવ ચૌધરી**
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
નવસારી.

**કચેરીનું સરનામું :**

નવસારી મહાનગરપાલિકા, મહાનગર સેવા સદન,
દુધિયા તળાવ, નવસારી.-૩૯૬૪૪૫.
ફોન નં. ૨૪૦૨૫૪/૨૫૦૨૫૩-૦૨૬૩૭
ઈ-મેલ : mc_nmc@gujarat.gov.in

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.01.07 17:00:18 IST